PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૪/કવા–૦૨/૧૬–૧૭/ ૯૦૫૬ તા. ૦૪/૧૦/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
શ્રી પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા,
ગામ: કાલાવડ,
ગીતા મીલ પાસે, પટેલવાડી,
તા. કાલાવડ
જી. જામનગર
મો: ૯૮૭૯૨ ૩૮૭૮૧

**વિષય :–સામાન્ય યોજના હેઠળ મંજુર કરાયેલ ખેત જોડાણ સંયુકત માલીકી ના કુવા પર મેળવવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૦૪/કવા–૦૨/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.- ૨ .)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



NO. 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૦૪/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૩૦–૦૯–૧૬ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: શ્રી પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા, ગામ: કાલાવડ,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એન.પી.શાહ, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

**ફરીયાદ : સામાન્ય યોજના હેઠળ મંજુર કરાયેલ ખેત જોડાણ સંયુકત માલીકી ના કુવા પર મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી નુ, ગામઃ કાલાવડ ખાતે ના સર્વે નંબરઃ ૧૫૧ પૈકી ૩ મા, તેઓ શ્રી ની, એટલેકે શ્રી પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા ની સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ, તા.૧૫–૧૦–૨૦૦૯ ના રોજ નોંધાયેલ અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. હવે, તેઓ શ્રી ,એટલેકે શ્રી પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા, તેમના નામની તા.૧૫–૧૦–૨૦૦૯ ના રોજ નોંધાયેલ સદર અરજી ને, તેમના અને તેમના ભાઈ શ્રી મનસુખભાઈ શામજીભાઈ સોરઠીયા ની સંયુકત માલીકી ના કુવા પર જોડાણ મેળવી, અને અરજદાર શ્રી તેમની, એટલેકેશ્રી પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા ની અંગત માલીકી ની, સર્વે નંબર : ૧૫૧ પૈકી ૩ ની જમીન પર સીચાઈ કરવા માંગે છે. પરંતુ, પીજીવીસીએલ કક્ષાની કચેરી ના જવાબદાર અધિકારીને, સદર જાણકારી / નિયમ ની પુરી જાણકારી ન હોય, તેઓને જોડાણ આપવા માટે નુ મંજુર કરાયેલ ભાવપત્રક ની રકમ સ્વીકારવામા આવતી નથી. આમ, પીજીવીસીએલ કક્ષાની, કાયદાકીય રીતે અપુરતી જાણકારી ને કારણે, તેમને નવુ જોડાણ આપવાની કોઈ કાર્યવાહી હાથ ઘરવામા આવતી ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો, પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ગામઃ કાલાવડ ખાતે ના સર્વે નંબરઃ ૧૫૧ પૈકી ૩ મા, આવેલ અરજદાર શ્રી એટલેકે પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા ની સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ, તા.૧૫–૧૦–૨૦૦૯ ના રોજ નોંધાયેલ અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. અરજદાર શ્રી એટલેકે શ્રી પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા, તેમના નામની સદર તા.૧૫–૧૦–૨૦૦૯ ના રોજ નોંધાયેલ અરજી ને, તેમના ભાઈ શ્રી મનસુખભાઈ શામજીભાઈ સોરઠીયા ની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર જમીન પર આવેલ, શ્રી મનસુખભાઈ શામજીભાઈ સોરઠીયા તેમજ અરજદાર શ્રી પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા ની સંયુકત માલીકી ના કુવા પર રીલીઝ કરાવી, એટલેકે જોડાણ મેળવી, અને અરજદાર શ્રી તેમની, એટલેકેશ્રી પરસોતમભાઈ શામજીભાઈ સોરઠીયા ની અંગત માલીકી ની, સર્વે નંબર : ૧૫૧ પૈકી ૩ ની જમીન પર સીચાઈ કરવા માંગે છે. અરજદાર શ્રી ની સદર માંગણી પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન યોગ્ય હોય, જે નિયમાધીન સ્વીકારવામા આવેલ છે. અને તે મુજબ ની મંજુરી પણ આપવામા આવશે. આ બાબતે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, પીજીવીસીએલ ની સબંઘક પેટા વિભાગીય કચેરી તરફથી સ્પષ્ટતા થયેલ છે. જે અરજદાર શ્રી એ તેમના તા.૨૯–૦૯–૧૬ ના લેખીત સંમંતીપત્રક હેઠળ માન્ય રાખેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :**

## : નિષ્કર્ષ :

૩ ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

૩.૧ પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી, સામાન્ય યોર્જના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણો બાબતે ની, નિયમાધીન પ્રણાલી મુજબ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ નવા ખેતીવાડી વીજજોડાણ નુ સ્થળ, જે તે અરજદાર, તેમના સંયુકત માલીકી ના કુવા પર દર્શાવી, અને સીચાઈ નુ સ્થળ, તેમની અંગત માલીકી ના ખેતીવાડી સર્વે નંબર વાળી જમીન દર્શાવી શકે છે. આ બાબતે, કુવા / બોર ના અન્ય ભાગીદાર ની રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર માત્ર સંમતી જરૂરી છે. પીજીવીસીએલ પક્ષકારે સદર નિયમાધીન બાબત, જે અરજદાર શ્રી ની જાણકારી અને સંતોષ હેઠળ યોગ્ય ઠરાવેલ છે. જે અરજદાર પક્ષકારે તેમના તા.૨૯–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્રક હેઠળ માન્ય રાખેલ છે. જેથી, અરજદાર પક્ષકાર તરફથી, જોડાણ વાળા સ્થળ એવા સદર સંયુકત માલીકી ના કુવા ના અન્ય ભાગીદાર નુ રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર નુ સંમતીપત્રક, તેમજ સદર સંયુકત માલીકીના સીચાઈ વાળા કુવા નુ પાણીપત્રક નં.–૧૬, તેમજ અરજદાર શ્રી ની અંગત માલીકી ના ખેતીવાડી સર્વે નંબર ની જમીન ની માલીકી અરજદાર ની હોવા બાબત ને સમર્થન આપતા અદ્યતન સ્થીતી ના પંચાયત / રેવન્યુ ખાતા ના દસ્તાવેજીક પેપર્સ ( ૭/૧૨, ૮–અ, હકક પત્રક નં.–૬) પીજીવીસીએલ મા રજુ કરવાના રહેશે. જો, અરજદાર પક્ષકાર તરફથી આ મુજબ ના દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા રજુ થયેથી, તેમની માંગણી મુજબ નુ મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ, જરૂર જણાયે, અપાયેલ ભાવપત્રક ને રીવાઇઝ કરવા માટે, રી– સર્વે કરી, ફેર મંજુરી મેળવી, અને રીવાઇઝ ભાવપત્રક આપવાની તમામ એવી પ્રક્રીયાઓ નિયમાધીન રીતે પૂર્ણ કરી, અને અરંજદાર ને તેમની માંગણી મુજબ ના કુવા / બોર પર જોડાણ આપી, અને તે મુજબ અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :**

## હુકમ

૪.૧ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**( એમ.એન. ઓઝા )**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..